ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૮૯ ટકા

# શહેરમાં મહિલાઓએ ભાવપૂર્વક વટ સાવિત્રીનું વ્રત ઉજવ્યું







ભારતીય સંસ્કૃતિમાં વ્રતનો અનેરો મહિમા છે, ગાંધીનગરમાં વટ સાવિત્રીના વ્રત નિમિત્તે ઠેર ઠેર પરિણિત મહિલાઓ સવારથી સજી ધજીને પૂજા કરવા નીકળી પડી હતી. શહેરમાં સુપ્રસિધ્ધ પંચદેવ મંદિરથી માંડીને સેક્ટરો ૪, ૬, ૭, વાવોલ, ધોળાકુવા, સરગાસણ વગેરે વિસ્તારોમાં સુહાગણ મહિલાઓ વટ સાવિત્રીના વ્રતની પૂજા કરતી નજરે ચઢી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વટ સાવિત્રીનું વ્રત પતિના લાંબા અને સ્વસ્થ્ય આયુષ્ય માટે પત્નીઓ દ્વારા રાખવામાં આવે છે. જેમાં મહિલાઓ પીપળાના વૃક્ષની પૂજા કરી તેની પ્રદક્ષિણા કરીને દોરો બાંધે છે. આ વ્રત માટે મહિલાઓ નવોઢાની જેમ તૈયાર થાય છે અને જેમ ઉત્તર ભારતમાં કડવાચોથનું મહત્વ હોય છે તેમ ગુજરાતમાં વટસાવિત્રીના વ્રતનો મહિમા જોવા મળે છે. ગાંધીનગરમાં ખૂબ મોટી સંખ્યામાં પરિણિત મહિલાઓએ આજે વટસાવિત્રીના વ્રતની પૂજા કરી હતી.



# શહેરમાં મેન્ટેનન્સના અભાવે સાયકલ શેરીંગ પ્રોજેકટ બંધ થવાના આરે

## મોટાભાગની સાયકલો યોગ્ય જાળવણીના અભાવે કન્ડમ થઈ ગઈ છે અને ધૂળ ખાઈ રહી છે

ગાંધીનગર, તા.૨૪


ગાંધીનગરનો ખૂબ જ વખણાયેલો સાયકલ શેરીંગ યોગ્ય જાળવણીના અભાવે મરણપથારીએ પડયો છે. મોટાભાગની સાયકલો ધૂળ ખાઈ રહી છે. ચલાવવા લાયક સાયકલ ન હોવાથી વસાહતીઓને સાયકલ ચલાવવા મળતી નથી.

ગાંધીનગર ગ્રીનસીટી તરીકે ઓળખાય છે. સ્વચ્છ પાટનગરની આ વિશેષતાને જાળવી રાખવા માટે અને વાયુ પ્રદુષણ પર કાબુ રાખવા ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા 'જી બાઈક' સાયકલ શેરીંગ પ્રોજેકટનો પ્રારંભ ૨૦૧૬માં ચાલુ કરવામાં આવ્યો હતો. માત્ર નજીવા ભાડામાં ખૂબ જ સરસ સાયકલ ગાંધીનગરના નાગરિકોને ચલાવવા મળતી હતી. ૧૦ સ્ટેન્ડ અને ૧૦૦ સાઈકલો સાથે શરૂ થયેલા આ પ્રોજેકટને નગરના વસાહતીઓએ ખૂબ જ સુંદર આવકાર આપ્યો હતો. બહોળો પ્રતિસાદ મળતા સ્ટેન્ડની સંખ્યા અને સાયકલની સંખ્યા વધારવામાં આવી હતી. વહેલી સવારથી લઈને મોડી રાત સુધી આ 'જી બાઈક' મળી રહેતી હોવાથી સાયકલ ચલાવી સ્વાસ્થ્યની કાળજી રાખનારા વસાહતીઓથી માંડીને વિદ્યાર્થીઓ અને નાના વેપારીઓ તેનો ઉપયોગ કરતા હતા. સાયકલના મેન્ટેનન્સની જવાબદારી ખાનગી કંપનીને આપવામાં આવી છે. થોડાક સમય સુધી મેન્ટેનન્સની કામગીરી બરાબર ચાલી હતી પરંતુ લોકડાઉન દરમિયાન સાયકલનો વપરાશ બંધ થયા બાદ વધુને વધુ સાયકલો કન્ડમ થવા લાગી હતી. કંપનીએ મેન્ટેનન્સની કામગીરી બંધ કરી દેતા મોટાભાગના સ્ટેન્ડ પર સીટ, પેન્ડલ વિગેરે પાર્ટસ તુટેલી હાલતમાં હોય તેવી સાયકલો જ જોવા મળે છે. કેટલા સ્ટેન્ડ પર કર્મચારીઓ હાજર જોવા મળતા નથી. સાયકલો ચલાવવા યોગ્ય ન હોવાથી કર્મચારીઓ સ્ટેન્ડ બંધ કરી જતા રહે છે.




હાલમાં ૫૦ ટકા જેટલી સાયકલો તુટેલી હાલતમાં છે. કેટલીક સાયકલો ચોરાઈ ગઈ છે. હાલમાં પીડીપીયુના બુથ પરથી રીપેરીંગનું નાનું મોટું કામ કરીને આ પ્રોજેકટ પરાણે ચલાવાઈ રહ્યો છે. જો હજુ પણ તેના પર ધ્યાન આપવામાં નહીં આવે તો આ પ્રોજેકટ પણ બંધ થઈ જશે.





મહારાષ્ટ્ર સમાજ ગાંધીનગર અને ગાંધીનગર મહાનગર પાલિકાના સંયુકત ઉપક્રમે મહારાષ્ટ્ર સમાજ ભવન, સે-૨૧ ગાંધીનગર ખાતે ''શ્રી સિધ્ધિ વિનાયક સભાગૃહ''માં આજરોજ ૧૮ વર્ષથી વધુ વય ધરાવતાં નાગરીકો માટે વિના મુલ્યે કોવિડ વેકસીનેશનના કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેનો ૩૦૦ થી વધુ યુવાનોએ લાભ લીધો હતો. મહારાષ્ટ્ર સમાજ ગાંધીનગરના કમીટીના સભ્યશ્રીઓએ હાજર રહી વેકસીનેશન કેમ્પને સફળ બનાવેલ હતો.

# 'જોય-ઓ-મેકર્સ' ની ટીનેજર ગર્લ તરિશી પરમારનું 'આર્ટ ઓફ ગિવિંગ'

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરની ટીનેજર ગર્લ તરિશી મહિપતસિંહ પરમાર કે જેણે હજુ અગિયારમાં ધોરણમાં પગ મુક્યો છે અને જે હજુ માત્ર પંદર વર્ષની છે એણે અભ્યાસની સાથે સમાજસેવાનું કાર્ય શરૂ કર્યું છે. ગાંધીનગરના જાણીતા ઓર્થોપેડિક સર્જન ડો. મહિપતસિંહ પરમાર અને જાણીતા ડેન્ટિસ્ટ ડો. પૌલમી પરમારની દીકરી તરિશી પરમારે 'જોય-ઓ-મેકર્સ' નામથી પોતાનું સ્વતંત્રત એનજીઓ શરૂ કર્યું છે.

વાદળછાયા વાતાવરણ વચ્ચે અસહ્ય બફારા વચ્ચે બુધવારે સાંજે ગાંધીનગરના ઈન્દ્રોડા ગામે આવેલા ઈન્દ્રાણી માતાના મંદિર પરિસરમાં એમનો પ્રથમ કાર્યક્રમ 'જોય ઓફ ગિવિંગ' આયોજિત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત તરિશી પરમાર દ્વારા દિપ પ્રાગટય કરી કરવામાં આવી હતી. ત્યારબાદ 'મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું...' પ્રાર્થના કરવામાં આવી હતી. 'જોય-ઓ-મેકર્સ' સંસ્થા અને ઉદ્દેશ વિશે રૂપિન શાહે સૌને માહિતગાર કર્યા. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતે બોધ વાર્તા સાથે સારાં કર્મ કરી સમાજ ઉપયોગી કાર્ય કરવા માટેની વાત કરી હતી. 'જોય-ઓ-મેકર્સ' ના ચેરમેન ટીનેજર ગર્લ તરિશી મહિપતસિંહ પરમારને એનાં નવા સમાજસેવાના કામ માટે શુભકામનાઓ પાઠવી હતી. તરિશી પરમારે ૨૦૦થી વધુ ઉપસ્થિત ગ્રામ જનોને 'જોય ઓફ ગિવિંગ' સાથે કપડાં વિતરણ કરવાની અને ભવિષ્યમાં પણ આવા અનેક કાર્યક્રમો કરવાની વાત કરી હતી હતી.

'જોય-ઓ-મેકર્સ' ના આ કાર્યક્રમમાં ડો. મહિપતસિંહ પરમાર, ડો. પૌલમી પરમાર, ધર્મેન્દ્ર કુંપાવત, કશ્યપ નિમાવત હાજર રહ્યા હતા. જયારે ડો. વિશ્વાસ, ડો. નૂપુર, ડો. પૂજા, રિદ્ધિ થોરાત, એકતા, લીના, નિયાશી પરમાર, અનન્યા થોરાત જેવા યુવા સ્વયંસેવક આ કપડાં વિતરણમાં જોડાયા હતાં. આ સમગ્ર કાર્યક્રમ માટે વિશાલ ઠાકોર અને કલ્પેશ ઠાકોરની ઈન્દ્રોડા ગામની આખી ટીમ દિલથી મદદ માટે જોડાઈ હતી. ઈન્દ્રોડા ગામના આગેવાનો મેલાજી ઠાકોર અને અશોકભાઈ હાજર રહી સૌનું ગુલદસ્તાથી સ્વાગત કર્યું હતું. આજના આ કાર્યક્રમમાં ૨૦૦થી વધુ નાના મોટા બાળકો અને મહિલાઓને કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. 'જોય-ઓ-મેકર્સ' ભવિષ્યમાં પણ આવા સમાજસેવાના કાર્યમાં એમનું યોગદાન આપશે એવી ખાતરી તરિશી પરમારે આપી હતી.




## ચિરવિદાય


● મુક્તિધામ ●

- સ્વ. ભરવાડ રામસિંહ લક્ષ્મણભાઈ, ઉ.વ. ૬૭, વાવોલ
- સ્વ. પટેલ અમીત અશોકભાઈ, ઉ.વ. ૩૨, પેથાપુર
- સ્વ. પટેલ મનીષકુમાર વિનોદચંદ્ર, ઉ.વ. ૪૨, કમાલપુર, ઈડર
- સ્વ. મકવાણા ભાણાભાઈ ભીખાભાઈ, ઉ.વ. ૬૮, સેકટર-૨૪
- સ્વ. સોલંકી લીલાબેન કેશવલાલ, ઉ.વ. ૬૬, સેકટર-૪

## જન્મદિને વધામણી



કાલુભાઈ એમ દેસાઈ
એડવોકેટ
મો. ૯૮૭૯૪ ૭૧૦૩૭



ઉમાંગી વિનોદ રાઠોડ
મો. ૯૪૨૬૨ ૭૯૪૧૯



કિશનભાઈ રાવત
મો. ૯૮૨૪૬ ૫૫૫૧૧



લલીતાબેન ચીમનભાઈ સોલંકી
મો. ૯૮૨૪૫ ૦૧૭૫૬



દર્શન પટેલ
મો. ૯૮૨૪૫ ૦૧૭૫૬



યાદવ ગ્રીષ્મા વિનુભાઈ

# ગાંધીનગરમાં વસતા પરપ્રાંતિયોના હક્ક-અધિકાર માટે સરકારમાં રજૂઆત

## પાટનગરમાં અંદાજે ૨૫ હજારથી વધુ પરપ્રાંતિયો : પ્રોપર્ટી કાર્ડથી માંડીને દુકાનોની ફાળવણી અને હોકર્સ લાઇસન્સ ઉપરાંત હિન્દી માધ્યમની સરકારી સ્કૂલ માટેની રજૂઆતો વર્ષોથી પેન્ડિંગ : સરકારે ઝડપથી ઉકેલ લાવવાની મૌખિક હૈયાધારણ આપી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં અંદાજે ૨૫ હજારથી વધુ પરપ્રાંતિય નાગરિકો વસવાટ કરી રહ્યા છે. જેમાં મોટી સંખ્યામાં પરપ્રાંતિયો શહેરમાં લાંબા સમયથી સ્થાયી થઈને ગાંધીનગરને પોતાનું વતન બનાવી ચૂક્યા છે, પરંતુ આ પરપ્રાંતીય નાગરિકોને હજુ સુધી તેમને મળવા જોઈએ તે હક્ક મળી શક્યા નથી જે માટે તાજેતરમાં પરપ્રાંતીય અગ્રણીઓના એક પ્રતિનિધિ મંડળે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને શિક્ષણ અને કાયદા મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને મળીને આવેદનપત્ર પાઠવ્યું હતું. આવેદનપત્ર આપવા ગાંધીનગરના રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટ, પ્રગતિ લારી પાથરણા મંડળના પ્રમુખ અને ગુજરાત પરપ્રાંતિય ઓ.બી.સી.અધિકાર મંચના કન્વીનર તુલસીભાઈ માલી ચોળાફળીવાળા અને તેમની સાથે શહેરના પરપ્રાંતીય અગ્રણીઓ વિક્રમસિંહ રાજપુરોહિત, રમેશભાઈ પંચાલ, દૂધાભાઈ રબારી અને આશીષભાઈ મેઘવાલ પણ જોડાયા હતા. આ પ્રતિનિધિ મંડળ સાથે ભાજપ મહાનગર પ્રભારી અમિત ઠાકરે પણ જોડાઈને તેમની માંગણીઓને અનુમોદન આપ્યું હતું.

આવેદન પત્રમાં કરવામાં આવેલી રજૂઆત અનુસાર ગાંધીનગર શહેરમાં સરકાર તરફથી નાના મોટા ધંધા માટે વિવિધ સેકટરોમાં ભાડા પદ્ધતિથી ફાળવાયેલ માઈક્રોશોપીંગ અને સેકટર-૨૧ શાકમાર્કેટ, ઓટલા અને લારી સ્ટેન્ડ નાની મોટી દુકાનોના ભાડામાં દર વર્ષે ૧૦%નો વધારો કરવામાં આવે છે, જે નાબુદ કરી દર પાંચ વર્ષે પાંચ ટકાનો વધારો નક્કી કરવો, મીનાબજારમાં પાથરણાંવાળાઓને સરકાર તરફથી વર્ષ-૨૦૧૦માં ફાળવાયેલ જમીનનો પઝેશન ઓર્ડર હજુ પણ પેન્ડિંગ છે જે માટે ગાંધીનગર કલેકટરને સુચના આપી કાયદેસર રીતે પઝેશન આપવાનો અમલ કરવામાં આવે, શહેરના સેકટરોમાં વસતા નાના અને મધ્યમ વર્ગના તેમજ છાપરાવાળાઓને પૂર્વ મુખ્યમંત્રી સ્વ.કેશુભાઈની સરકારના સમયમાં સેકટરોમાંથી સ્થળાંતર કરાવી અન્ય સ્થળે સ્થિત કરવામાં આવ્યા હતા તેવા નાગરિકોને વર્ષ ૧૯૯૮થી પ્રોપર્ટી કાર્ડ આપવા વચન આપ્યું હતું પરંતુ આજ સુધી પેન્ડિંગ છે તેથી સત્વરે પ્રોપર્ટીકાર્ડ આપવામાં આવે, શહેરમાં મુખ્યત્વે સેકટર નં.૨૪માં વસતા પરપ્રાંતિય નાના અને મધ્યમ વર્ગના વ્યક્તિઓને દબાણ વિભાગ ટાર્ગેટ કરી વારંવાર રહેણાંક મકાનોમાં હેરાનગતિ કરવામાં આવે છે તેથી જ્યાં આવી જગ્યાએ કોઈ બાંધકામ કરવામાં આવ્યું હોય ત્યાં સરકાર દ્વારા સૂચવેલ નિયમનુસાર ઈમ્પેક્ટ ફી પેટે ચાર્જ વસુલ કરી તેને રેગ્યુલાઈઝ કરી નિયમિત કરવા, ઘ-૫ ફૂડકોર્ટમાં બિન ફાળવાયેલ ૧૭ દુકાનોની તા.૨૬મી જૂન ૨૦૦૬થી પેન્ડીગ યાદી છે તે મુજબ ડ્રો કરી ફાળવણી કરવી તેમજ હરાજીની ફળવાયેલ દુકાનોમાં સને ૨૦૦૬ની યાદીના માત્ર જે ૬(છ) લાભાર્થીને સ્ટોલ આપ્યા છે અને જે ૧૭(સત્તર) લાભાર્થી ફાળવણીથી બાકી રહેલ તેમને ઝડપી નિર્ણય લઈ પુન: ફાળવણી કરાવા સાથે પેલા ૬ લાભાર્થીનું સ્ટોલનું ભાડું તા.૧૮/૧૧/૨૦૦૯ના જુના ઠરાવ મુજબ જ તળિયાનું ભાડું નક્કી કરવું અને બાકી રહેલ ૧૭ લાભાર્થીઓને તે મુજબ ફાળવણી કરી અમદાવાદની જેમ ગાંધીનગરમાં પણ અમુક વર્ષ થયે દુકાનનો માલિકી હક આપવાની જોગવાઈ કરવા માંગ કરવામાં આવી છે. આ સાથે ગાંધીનગરમાં ધંધો કરતાં લારી ગલ્લાં વાળા ફેરીયાઓને હોકર્સ લાયસન્સ આપવાની રજૂઆત પણ લાંબા સમયથી પેન્ડીગ છે જે અંગે યોગ્ય નિર્ણય લેવા માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત ગાંધીનગરના રાજસ્થાન સમાજ કાર્યાલય માટેની વર્ષો જુનીઓ પેન્ડિંગ માંગણી અનુસાર સેક્ટર નં.૨૩માં મકાન નં.૬૫/૦૨ અથવા અન્ય જગ્યાએ ફાળવણી કરવા તથા છેલ્લા પાંચ વર્ષથી ગાંધીનગરમાં ગુજરાત સરકારના માધ્યમથી એક સરકારી હિન્દી માધ્યમ સ્કુલ શરુ કરવાની જે માંગ છે તેને પૂરી કરવા સાથે આમદવાદથી રાજસ્થાન જતી બસોને ૨૦ ટકા રિઝર્વેશન ક્વોટા સાથે ગાંધીનગર થઈને જાય અને બોર્ડ-નિગામોના હોદ્દેદારોની વરણીમાં પ્રતિનિધિત્વ મળે તેવી પણ રજૂઆત કરવામાં આવી છે.

### ગુજરાતમાં જન્મેલા પરપ્રાંતીયોને ડોમીસાઈલ સર્ટિફિકેટના આધારે જાતિનું પ્રમાણપત્ર આપો

જે વ્યક્તિઓ ગુજરાતમાં જન્મ્યા છે અને તેઓનું ડોમીસાઈલ સર્ટીફીકેટ છે તેવા વ્યક્તિઓને ગુજરાત સરકાર તરફથી ઓબીસી, એસઈબીસી, એસસી, એસટી, ઈબીસી વગેરે નાગરિકોને જાતિનું પ્રમાણપત્ર જુના ઠરાવ અનુસાર કટ-ઓફ તા. ૦૧/૦૪/૧૯૭૮ને રદ કરી અથવા નવો હુકમ કરી જુના ઠરાવો રદ કરી, નવો હુકમ કરી તાત્કાલિક ધોરણે કાઢી આપવા માંગ કરી છે. આ કટ-ઓફ ડેટને કારણે સમગ્ર ગુજરાત સહિત ગાંધીનગરના પણ સેંકડો પરપ્રાંતિય વિદ્યાર્થીઓનું ભાવી અંધકારમય બનેલ છે કેમકે તેઓ હકદાર હોવા છતાં અનામતનો લાભ મેળવી શકતા નથી.

